Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

**વિશ્વ સમાચાર** સાપ્તાહિક

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
લવાજમ અને જાહેરાતનો ચેક/ ડ્રાફ્ટ
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ
હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 28 • Dt. 07-04-2025 • Monday • Rs.5-00 • • Page-4

### નિર્માણ થયેલી યાત્રી સુવિધાઓનું લોકાર્પણ થયું

# માધવપુર મેળાનો રામનવમી પર્વે પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

### મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, માધવપુરનો મેળો શ્રીરામ અને શ્રીકૃષ્ણ બંનેની ભક્તિ અને પરંપરાના સંગમનું પ્રતીક છે





માધવપુર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોરબંદર જિલ્લાના માધવપુરમાં રામનવમી પર્વની સંધ્યાએ ભવ્ય માધવપુર મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. દ્વારકાના નાથ ભગવાન શ્રીકૃષ્ણના અરુણાચલ પ્રદેશના રુકમણીજી સાથેનો દિવ્ય વિવાહ મહોત્સવ માધવપુરમાં યોજાયો તેની સ્મૃતિ ઉત્સવરૂપે દર વર્ષે રામનવમીથી આ મેળો ઉજવવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૧૮થી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી રાષ્ટ્રીય કક્ષાના ઉત્સવ તરીકે યોજાતા આ માધવપુર મેળાનો પ્રારંભ કેન્દ્રીય મંત્રી અને પોરબંદરના સાંસદ ડૉ. મનસુખ માંડવીયાની વિશેષ ઉપસ્થિતિમાં કરાવ્યો હતો.

તેમણે આ અવસરે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રુકમણી મંદિર પરિસરમાં રૂ. ૩૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલા યાત્રી સુવિધાના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ પણ કર્યું હતું.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, માધવપુરનો મેળો શ્રીરામ અને શ્રીકૃષ્ણ બંનેની ભક્તિ અને પરંપરાના સંગમનું પ્રતીક છે. એક તરફ શ્રીરામના જન્મોત્સવની દિવ્યતા છે અને એક તરફ ભગવાન શ્રીકૃષ્ણના લગ્ન ઉત્સવની ભવ્યતા છે. તેમણે ઉમેર્યું કે માધવપુરનો મેળો એ માત્ર ધાર્મિકોત્સવ જ નહિં, પરંતુ આપણી એકતા, સાંસ્કૃતિક વિરાસત અને પરસ્પરના પ્રેમનું જીવંત પ્રતિક છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ભગવાન શ્રીકૃષ્ણના પશ્ચિમ પ્રદેશ અને રુકમણીજીના પૂર્વોત્તર ભારતની સંસ્કૃતિના અનુબંધને ઉજાગર કરતું માધવપુર સદીઓથી ધાર્મિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ચેતનાનું કેન્દ્ર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો જે સંકલ્પ આપ્યો છે તે આવી મેળા સંસ્કૃતિમાં અલગ-અલગ પ્રદેશોની સાંસ્કૃતિક પ્રસ્તુતિ, ખાન-પાન વ્યંજનો, હસ્તકલા કારીગરી વસ્તુઓના આદાન-પ્રદાનથી ભલિભાંતિ સાકાર થાય છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત આ મેળો માત્ર સાંસ્કૃતિક પ્રવૃત્તિ કે લોકકલાને માણવાનો અવસર નહિં પરંતુ બીચ સ્પોર્ટ્સ જેવી સાહસિક રમતોની સ્પર્ધાનો ઉત્સવ બને તેની પણ કાળજી લીધી છે તેમ ઉમેર્યું હતું. તેમણે ગાંધી જન્મભૂમિ પોરબંદર, સોમનાથ, દ્વારકા અને માધવપુર આખોય વિસ્તાર બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ટુરીઝમ બની રહ્યો છે તેની ભૂમિકા આપી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે, આ સ્થળોએ વધુને વધુ પ્રવાસીઓને આકર્ષિત કરવા રાજ્ય સરકાર કનેક્ટિવિટીને વધુ સંગીન બનાવી રહી છે.

આ હેતુસર પોરબંદર એરપોર્ટ નું વિસ્તરણ તથા રન-વે વિસ્તૃતિકરણ તેમજ સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વે માટે આ વર્ષના બજેટમાં નાણાંકીય જોગવાઈ કરી છે. મુખ્યમંત્રીીએ પૂર્વોત્તર રાજ્યો મેઘાલય, મણીપુર, અરુણાચલપ્રદેશ વગેરેના કલાકારોએ કરેલી પ્રસ્તુતિ અને ગુજરાતના કલાકારોની કલા પ્રસ્તુતિના સમન્વયેને બિરદાવ્યો હતો.

# વકફ બિલ સુધારા માટે માત્ર હિન્દુઓ જ નહિ, પારસી અને મુસ્લિમો પણ સહમત હતા : પાટીલ

સુરત : સુરત શહેરમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી તથા ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે વકફ સુધારા બિલને લઈ મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. સીઆર પાટીલે જણાવ્યું છે કે, વકફ સુધારા બિલને લઈ લોકોથી સત્તાઓ સુધી અસંતોષ હતો અને કેટલાક નિયમો એવા હતા જેને દૂર કરવાને જરૂરી બની ગયું હતું. સુધારા માટે માત્ર હિન્દુઓ જ નહીં પારસીઓ અને મુસ્લિમો પણ સહમત હતા. કોઈ પણ સંસ્થા પોતાના હક વગર કોઈ મિલકત પર દાવેદારી ના કરી શકે એ માટે આ બિલ ખુબ જ મહત્વપૂર્ણ છે. સીઆર પાટીલે જણાવ્યું હતું સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી લઈ વિવાદ સર્જાયો હતો. આ મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો અને અંતે મહાનગરપાલિકા આ કેસ જીતી હતી. પરંતુ આવી પરિસ્થિતિ ભવિષ્યમાં ન સર્જાય એ માટે વકફ સુધારા બિલ લાવવાનો નિર્ણય લેવાયો હતો. કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલએ રાષ્ટ્રપતિનો આભાર વ્યક્ત કરતા કહ્યું હતું કે, હું રાષ્ટ્રપતિના આભાર માનું છું કે તેમણે દેશના લોકોને જબરદસ્તીથી પોતાના હકોથી વંચિત થતા અટકાવવા માટે આ બિલને મંજૂરી આપી છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે વકફ સુધારા બિલ દેશના દરેક સમુદાય માટે છે અને કાયદા દ્વારા દરેકની મિલકત સુરક્ષિત રહેશે. કોઈ પણ સંસ્થા પોતાની માલિકીની મિલકતને છોડીને અન્ય મિલકત પર દાવેદારી નહીં કરી શકે એ માટે આ બિલ અમલમાં મૂકાયું છે.

# મણિપુરમાં કૂકી અને મૈતેઈ વચ્ચે શાંતિ માટે બેઠક યોજાઈ

મણિપુર

મણિપુરમાં હિંસા ફાટી નીકળી તે બાદ પ્રથમ વખત મૈતેઇ અને કૂકી સમાજના લોકોના પ્રતિનિધિઓ વચ્ચે બેઠક મળી હતી. આ બન્ને સમાજના લોકો વચ્ચે જ હિંસા ફાટી નીકળી હતી હવે જ્યારે શાંતિ માટેના પ્રયાસો થઇ રહ્યા છે ત્યારે સમાજના પ્રતિનિધિઓ દ્વારા બેઠક યોજીને વાટાઘાટો કરાઇ હતી. મે ૨૦૨૩ થી મણિપુરમાં હિંસા ફાટી નીકળી હતી જેમાં ૨૫૦થી વધુ લોકો માર્યા ગયા છે અને હજારો લોકો વિસ્થાપિત થઈને રાહત કેમ્પોમાં રહેવા માટે મજબુર છે. હિંસાની આ સ્થિતિ વચ્ચે પ્રથમ વખત મૈતેઇ અને કૂકી સમાજના આગેવાનો શાંતિ સ્થાપવા આગળ આવ્યા છે. દિલ્હીમાં ગૃહ મંત્રાલયની છત્રછાયા હેઠળ આ બેઠક યોજાઈ હતી જે આશરે પાંચ કલાક સુધી ચાલી હતી.

સુત્રોએ જણાવ્યું હતું કે શાંતિ સ્થાપિત કરવાના કેન્દ્ર સરકારના પ્રયાસોના ભાગરૂપે આ બેઠક યોજાઈ હતી, જેમાં મૈતેઈ અને કૂકી સમાજના લોકોએ મળીને મણિપુરમાં શાંતિ સ્થાપિત કરવા માટેના રોડ મેપ પર ચર્ચા કરી હતી.

*તંત્રીની કલમે................*

# વક્ફ સંશોધન : ના ધાર્મિક હસ્તક્ષેપ, ના ગેરબંધારણીય



Editor- Nilay H. Mehta

ભારતીય સંસદમાં એક કાયદો બદલાવા જઈ રહ્યો છે, એમ તો આ સામાન્ય વાત છે, પરંતુ વક્ફ સંશોધન અધિનિયમ મામલે સ્થિતિ ગંભીર છે. લોકસભામાં પક્ષ-વિપક્ષ વચ્ચે વક્ફ સંશોધન વિધેયક ૨૦૨૪ પર જે ચર્ચા થઈ છે, તેણે બધાનું ધ્યાન ખેંચ્યું છે. દેશના અનેક વિસ્તારોમાં તેના વિરોધ અને પક્ષમાં પ્રદર્શન પણ થયાં. મુસ્લિમોમાં પણ એક વર્ગ છે જે સંશોધનમાં ફાયદો જોઈ રહ્યા છે, પરંતુ એક મોટો વર્ગ છે જે પોતાના સંબંધિત કાયદામાં કોઈપણ પ્રકારનો બદલાવ નથી ઈચ્છતો. એકંદરે આ સંશોધન વિધેયક દેશના પહેલા સૌથી મોટા અલ્પસંખ્ય વર્ગ સંબંધિત છે. અહીં એ ધ્યાન રાખવા જેવું છે કે આપણા દેશમાં આવો કોઈ કાયદો કોઈપણ બીજા અલ્પસંખ્યક વર્ગ માટે નથી અને ના બહુસંખ્યક વર્ગ માટે. વક્ફ બોર્ડ એક્ટ અને ટ્રિબ્યુનલ બધું જ એક જ અલ્પસંખ્યક વર્ગ માટે છે. હાલનું સંશોધન વક્ફ એક્ટ ૧૯૯૫માં કરવામાં આવી રહ્યું છે. આ એક્ટ ભારતની વક્ફ સંપત્તિ અંતર્ગત આવનાર સંપત્તિનું મેન્જમેન્ટ કરે છે. તે આ સંપત્તિઓ સંબંધિત ઝગડાની પણ પતાવટ કરે છે.

આ સંશોધન વિધેયક પહેલાં ઓગસ્ટ ૨૦૨૪માં પ્રસ્તાવિત કરવામાં આવ્યું હતું અને ભારતીય જનતા પાર્ટીના સાંસદ જગદંબિકા પાલની અધ્યક્ષતાવાળી પેનલે ૨૭ ફેબ્રુઆરીએ ૧૫-૧૧ વોટથી એક્ટમાં ૧૪ બદલાવ માટે રસ્તો સાફ કરી દીધો હતો. અનેક વિપક્ષી દલોએ આ પેનલ કે સમિતિના વિચાર સાથે અસહમતિ વ્યક્ત કરી. વિપક્ષ બાલિશ સવાલ કરે છે કે આખરે આ સંશોધનની જરૂર જ શી છે? જોક સરકારનું માનવું છે કે ભ્રમ ફેલાવીને મુસ્લિમોને ભડકાવવામાં આવી રહ્યા છે, સંશોધનથી મુસ્લિમ સમાજનું ભલું થશે. વક્ફની સંપત્તિઓનો વધુ યોગ્ય ઉપયોગ થઈ શકશે. સરકારનું કહેવું છે કે વક્ફ સંપત્તિઓ સાથે સમસ્યા એ છે કે તેને લઈને દેશભરમાં કેટલાય પ્રકારના વિવાદ છે. સંપત્તિ આખરે છે કોની? કેટલી જમીન છે? જમીન વક્ફ બોર્ડની છે કે નહીં? શું બીજા લોકોની જમીન હડપી લેવામાં આવી છે?

સાથે જ હાલમાં લાગુ વક્ફ કાયદા અનુસાર, લોકો વક્ફ બોર્ડ દ્વારા પોતાની જમીન હડપી લેવાતાં સામાન્ય અદાલતોમાં નથી જઈ શકતા. કોઈપણ સુનાવણી માટે વક્ફ ટ્રિબ્યૂનલ છે, જ્યાં વક્ફના જ લોકો અધિકારી-ન્યાયાધીશ છે, જે દરેક ચુકાદો વક્ફના પક્ષમાં જ આપે છે! તેઓ સ્વતંત્ર, નિષ્પક્ષ ન્યાય અધિકારી નથી. કોઈપણ મુસ્લિમ વ્યક્તિ કોઈની પણ સંપત્તિ, સરકારી સંપત્તિ કે અનય્ પ્રકારની સંપત્તિને વક્ફની સંપત્તિ ગણાવવા માટે સ્વતંત્ર છે અને જેના પર અંતિમ ફેંસલો વક્ફ ટ્રિબ્યૂનલ અનુસાર હંમેશાં વક્ફ બોર્ડના પક્ષમાં જ જવાનો છે. વક્ફની સંપત્તિ, કોઈ કાગળ કે પુરાવાના વક્ફની પોતાની છે. જેમ કે હાલમાં જ કહી દેવામાં આવ્યું હતં કે ભારતીય સંસદની જમીન વક્ફની છે. અતિ ઉત્સાહમાં એમ પણ કહેવાયું હતું કે પ્રયાગરાજ મહાકુંભ વક્ફની જમીન પર થઈ રહ્યો છે, વગેરે વગેરે. વક્ફ એક્ટની કાયદેસરતાનો સવાલ પણ દિલ્હી હાઈકોર્ટમાં ઘણા સમયથી પડતર પડ્યો છે. દિલ્હીમાં પણ ૧૨૩ સંપત્તિઓ પર વક્ફનો દાવો હાલ સુધી રહ્યો છે. વક્ફ કાયદામાં સંશોધનનો વિરોધ કરનારા લોકોનું કહેવું છે કે સંશોધનતી સરકારને વક્ફ સંપત્તિની તપાસ કરવાના અધિકાર મળી જશે.

સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે ત્થા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક – યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com

# વ્યાજખોરે પડાવેલી ૧૮ વીઘા જમીન ગુજરાત પોલીસે માલિકને પરત અપાવી

## ખેડૂત ગુજરાત પોલીસનો આભાર માન્યો અને પોલીસ વડાને પેંડા ખવડાવી મોં મીઠું કરાવ્યું હતું કારણ કે આ ફળદ્રુપ જમીન કરોડો રૂપિયાની છે

અમરેલી,

અમરેલી જિલ્લામાં ધારીના ઝર ગામમા સામાન્ય ખેડૂત પાસેથી ૧૮ વીઘા જમીન ૨૦૨૦માં વ્યાજના પૈસા નહી આપતા એક ડૉક્ટરએ પચાવી પાડી હતી. અમરેલી SP સુધી મામલો પોહચતા ગુન્હો નોંધી જમીન પરત અપાવી હતી. ખેડૂત ગુજરાત પોલીસનો આભાર માન્યો અને પોલીસ વડાને પેંડા ખવડાવી મોં મીઠું કરાવ્યું હતું. કારણ કે આ ફળદ્રુપ જમીન કરોડો રૂપિયાની છે. ગુજરાત પોલીસે પ્રથમ વખત જમીન મૂળ માલિકને સોંપાવનો દાખલો બેસાડ્યો છે.

અમરેલી જિલ્લામાં ધારી તાલુકાના ઝર ગામના સામાન્ય ખેડૂત જયસુખભાઈ સોલંકી પાસે ૧૮ વીઘા જમીન હતી. કેરીના આંબાનું ઉત્પાદન થાય છે.

૨૦૨૦માં તેમની જમીનમાં ખેતીના કામ માટે એક ડૉક્ટર પાસેથી અલગ અલગ સમયે ૩ ટકા વ્યાજે ૫૦ લાખ લીધા હતા. જેમાં આરોપી ડૉક્ટર મેથીલ ફળદુ દ્વારા પૈસાની ઉઘરાણી કરતા હતા. આરોપી ડૉક્ટરોએ કહ્યું કે પૈસા આપતા નથી તો જમીન અમારા નામે કરી દો, એમ કહીને ડૉક્ટરે બળજબરીપૂર્વક ખેડૂત પાસેથી કુલ ૯ વીઘા જમીનનો દસ્તાવેજ કરાવી લીધો.

ત્યારબાદ ડૉક્ટરના ભાઈની અન્ય ૯ વીઘા જમીન પર કબજો કરી લીધો અને કહ્યું કે તમે અહીં આવતા નહી. સામાન્ય પરિવારના લોકો ગામ છોડી નીકળી ગયા હતા. ફરિયાદી ખેડૂતે એસપી સંજય ખરાતને રજુઆત કરી. એસપીએ તાત્કાલિક અમરેલી સીટી પોલિસ સ્ટેશનમાં આરોપી ડો.મેથીલભાઈ રમેશભાઈ ફળદુ સામે ગુજરાત નાણાધીર હેઠળમાં વ્યાજખોર અને બળજબરી પૂર્વક પચાવી પાડવાનો ગુન્હો નોંધ્યો હતો.

અમરેલીના એસપી સંજય ખરાતે કહ્યું કે 'ફરીયાદીએ પોલીસ પાસે માંગણી કરી અમારી જમીન પરત અપાવો, જમીન તાત્કાલિક મળે તે માટે મદદ માંગી હતી.' જમીન પચાવી લીધા બાદ ખેડૂત જયસુખભાઈ અને તેમનો પરિવાર અમદાવાદ શહેરમાં નરોડા વિસ્તારમાં ફૂટનો સ્ટોલ લારીઓ કરી સમય પસાર કરતા હતા. વ્યાજખોરોએ ખેડૂત પાસે જમીન પચાવી પાડીને ગામ છોડવાની ફરજ પાડી હતી. પોલીસે આરોપીને જાણ કરી હતી કે આ કાયદા વિરૂદ્ધનું કૃત્ય છે, તો આરોપીએ જમીન પોતાના પિતાના નામે કરી દીધી હતી. જોકે પોલીસે વ્યાજખોર પાસેથી જમીન પરત લઈને ખેડૂતના નામે દસ્તાવેજ કર્યો હતો.

ખેડૂત જયસુખભાઈ સોલંકીએ જણાવ્યું હતુ કે સૌરાષ્ટ્રમાં સૌથી વધુ જમીનમાં બાગાયતી ખેતી એટલે કે કેરીના આંબા વાળી જમીન હોય તે અતિ મહત્ત્વની અને કિંમતી માનવામાં આવે છે. અમારી આ જમીન પર ૪૦૦થી વધુ આંબાના ઝાડ છે અને વાવેતર ચાલુ છે. કરોડો રૂપિયાની કિંમતી જમીન અમરેલી એસ.પી.એ પરત આપાવી દાખલો બેસાડ્યો છે.

## ઘટનામાં બેની હાલત ગંભીર, અનેક ઈજાગ્રસ્ત

# ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં પોરબંદરથી જૂનાગઢ જતી બસ પલટી ગઈ

જૂનાગઢ

ગુજરાતમાં રવિવારે (૬ એપ્રિલ) મોટો અકસ્માત સર્જાયો છે. પોરબંદરથી જૂનાગઢ તરફ જતી ખાનગી બસ ડ્રાઈવરે કાબૂ ગુમાવતા બસ પલટી મારી ગઈ હતી. બસમાં સવાર ૨૦ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે અને ૨ મુસાફરોની સ્થિતિ ગંભીર છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ રવિવારે પોરબંદરથી જૂનાગઢ જતી બસ અચાનક પલટી મારી ગઈ હતી. બસમાં સવાર મુસાફરોમાંથી ૨૦ જેટલાં મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતાં. ઘટનાની જાણ થતાં તુરંત જ એમ્બ્યુલન્સ અને પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને હાલ નજીકની કુતિયાણાની સરકારી હોસ્પિટલમમાં દાખલ કરવામાં આવ્યા છે. બે વ્યક્તિ જેની સ્થિત ગંભીર છે તેમને ભાવસિંહજી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતાં સ્થાનિકો તેમજ પોલીસની ટીમ બચાવ કામગીરીમાં લાગી ગઈ હતી. પોલીસે સમગ્ર મામલે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, પ્રાથમિક દ્રષ્ટિએ જોતા એવું લાગે છે કે, ડ્રાઈવરે કાબૂ ગુમાવતા બસ પલટી ગઈ હતી. જોકે, અકસ્માતનું સાચું કારણ સમગ્ર તપાસ બાદ જ સામે આવશે.

# બીમાર ભાઈ માટે વિધિ કરવાના બહાને સગીરા સાથે દુષ્કર્મ આચર્યું

પાવાગઢ

પંચમહાલના પાવાગઢમાં એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. અહીં એક કૌટુંબિક ફૂવા પર સગીરા સાથે દુષ્કર્મ આચરવાનો પ્રયાસ કરવાનો આરોપ લાગ્યો છે. આરોપી ફૂવાએ સગીરાના બીમાર ભાઈ માટે વિધિ કરવાના બહાને તેને જંગલમાં લઈ જઈને આ કૃત્ય કર્યું હતું. પોલીસે ફરિયાદ નોંધીને આરોપીની ધરપકડ કરી લીધી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પાવાગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં આ ઘટના બની હતી. ભોગ બનનાર સગીરાનો ભાઈ માનસિક રીતે અસ્થિર હોવાથી લાંબા સમયથી બીમાર રહેતો હતો. સગીરાના કૌટુંબિક ફૂવાએ ભુવાને ઘરે બોલાવીને સગીરાના બીમાર ભાઈની વિધિ કરાવી હતી. ત્યારબાદ, ફૂવાએ સગીરાને બાઈક પર બેસાડીને જંગલ વિસ્તારમાં લઈ ગયા હતા. જંગલમાં પહોંચીને આરોપી ફૂવાએ સગીરાને કહ્યું હતુ કે તારા ભાઈને સાજો કરવા માટે તારે મારી સાથે શારીરિક સંબંધ બાંધવો પડશે. ત્યારબાદ તેણે સગીરા પર દુષ્કર્મ ગુજાર્યું હતું. સમગ્ર ઘટનાની જાણ સગીરાએ ઘરે આવીને પોતાની માતાને કરી હતી. પુત્રીની વાત સાંભળીને પીડિતની માતાએ તાત્કાલિક પાવાગઢ પોલીસ સ્ટેશનમાં આરોપી ફૂવા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે માતાની ફરિયાદના આધારે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને આરોપી કૌટુંબિક ફૂવાની ધરપકડ કરી લીધી છે.

# ઈફકોના માતૃ એકમ સંકુલની સુવર્ણ જયંતી નિમિત્તે ઈફકો-કલોલ ખાતે ઉજવણી સમારોહ યોજાયો

## ઈફકો-કલોલ ખાતે યોજાયેલા સમારોહમાં અમિત શાહે ઈફકોના નવા "બીજ સંશોધન કેન્દ્ર"નો શિલાન્યાસ કર્યો



કલોલ

વિશ્વની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફકોના માતૃ એકમ તેમજ સૌપ્રથમ યુરિયા નિર્માણ સંકુલની સુવર્ણ જયંતીની ઉજવણી નિમિત્તે ઈફકો-કલોલ ખાતે યોજાયેલા સમારોહમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે ઈફકોના નવા "બીજ સંશોધન કેન્દ્ર"નો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિત રાજ્ય મંત્રી મંડળના સભ્યો અને સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે ઈફકો-કલોલની સ્વર્ણિમ જયંતી નિમિત્તે સૌને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, ઈફકોની ૫૦ વર્ષની ગૌરવયાત્રા ખેતી, ઉત્પાદન, ગ્રામીણ અર્થતંત્ર અને ખેડૂતોની સમૃદ્ધિને સમર્પિત રહી છે. આ ઉદ્દેશોને જાળવી રાખીને હવે શતાબ્દી તરફની ઈફકોની સફળ કૂચમાં આધુનિક ખેત પદ્ધતિ, ખેત ઉત્પાદન વૃદ્ધિ, જમીન અને પર્યાવરણ સંરક્ષણ જેવા નવા ચાર પહેલુઓને જોડીને પ્રગતિ ગાથા આગળ ધપાવવાની પ્રતિબદ્ધતા અમિત શાહે વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ઈફકોએ ખેડૂતોને સહકારિતા સાથે અને સહકારિતાને ખાતર સાથે જોડીને ખેડૂતોના આર્થિક ઉત્થાન માટે એક વિશેષ પહેલ કરી હતી. જેના પરિણામે આજે ખેતી સમૃદ્ધ અને ખેડૂતો આત્મનિર્ભર બન્યા છે.

વર્ષો પહેલા ઈફકોએ વિકસાવેલું ઘન યુરિયા અને ડીએપી એ ખેતી ક્ષેત્રે એક મોટી ક્રાંતિ હતી, પરંતુ સમયને અનુરૂપ રિસર્ચ અને ડેવલપમેન્ટ પર ભાર મૂકીને આજે ઈફકોએ નેનો યુરિયા અને નેનો ડીએપી વિકસાવ્યુ છે. જેણે સમગ્ર વિશ્વમાં ભારતના સહકારિતા ક્ષેત્રનો ડંકો વગાડ્યો છે તેનું તેમણે ગૌરવ કર્યું હતું.

ઈફકોએ ખેડૂતોના ખેતરો સુધીની પહોંચ વધારીને લેબોરેટરીના પ્રયોગોને લેન્ડ સુધી પહોંચાડવાનું કાર્ય કર્યું છે. ઈફકોની ભાવના હરહંમેશથી જ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટના કાર્ય થકી ખેડૂતોને મદદરૂપ થવાની રહી છે. ઈફકો એક સહકારી ક્ષેત્ર હોવા છતાં, તેણે કોર્પોરેટ ક્ષેત્રની જેમ કુશળ પરિણામ મળે તે રીતે કાર્ય કર્યું છે. એટલા માટે જ, આજે પણ સહકારિતા ક્ષેત્રે ઈફકો સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે, તેમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સામાજિક જીવનના દરેક ક્ષેત્ર માટે અનેકવિધ વિશેષ પહેલો કરીને રાષ્ટ્ર વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. આ સંદર્ભે કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતમાં સહકારિતા ચળવળને વેગ આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અલાયદા સહકારી મંત્રાલયની સ્થાપના કરી છે. સાથે જ, સહકારી માળખાને વધુ સુદ્રઢ બનાવવા માટે ૬૫ જેટલા મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. તે જ દિશામાં આગળ વધતાં ગુજરાતનાં સહકારી અગ્રણી શ્રી ત્રિભુવનદાસ પટેલે સહકારી ક્ષેત્ર માટે આપેલા અભૂતપૂર્વ યોગદાનને આવનારી પેઢી પણ યાદ રાખે તે ઉદ્દેશથી દેશની સૌ પ્રથમ સહકારી યુનિવર્સિટી તેમના જ નામે 'ત્રિભુવનદાસ સહકારી યુનિવર્સિટી'ની સ્થાપનાનો નિર્ણય કર્યો છે.

# મહેમદાવાદની રાસ્કા કેનાલમાં ડૂબી જતાં અમદાવાદના બે યુવાનોનાં મોત

નડિયાદ,

મહેમદાવાદ તાલુકાના રાસ્કા ગામ પાસે આવેલી કેનાલમાં અમદાવાદ ઈસનપુરના પાંચ યુવાનો નાહવા માટે આવ્યા હતા. આ સમયે પાંચેય યુવાનો નાહવા માટે પડ્યા હતા.

આ સમયે આ યુવાનો પાણીમાં એકાએક ડુબવા લાગ્યા હતા. જેથી ત્રણ યુવાનો બહાર નિકળી ગયા હતા. જ્યારે બે યુવાનો પાણીમાં ડુબી ગયા હતા. આ ઘટનાની જાણ સ્થાનિક અધિકારીઓને થતા તેઓ પણ તાબડતોબ સ્થળ પર દોડી આવ્યા હતા. આ બાબતે પોલીસે ગુનો નોંધીને તપાસ હાથધરી છે.

અમદાવાદ શહેરના ઈસનપુર વિસ્તારમાં રોહિત સિતારામ તિવારી (ઉ.વ.૧૭) રહે. સી-૨૦, પુષ્પસોસાયટી, મુની હોટલની પાછળ, ઈસમનપુર, અમદાવાદ પોતાના મિત્ર આલોક ઉદેસિંહ પટેલીયા (ઉ.વ.૧૬) રહે. ડી.-૩૯, પુષ્પસોસાયટી, મુની હોટલની પાછળ, ઈસનપુર અમદાવાદ, તેમજ અન્ય ત્રણ મિત્રો મળીને કુલ પાંચ મિત્રો નાહવા માટે મહેમદાવાદ તાલુકાના રાસ્કા ગામની સીમમાં આવ્યા હતા. જ્યાંથી પસાર થતી મહી ખાતાની કેનાલમાં નાહવા માટે આ પાંચેય યુવાનો ગયા હતા. ગરમી હોવાથી યુવાનો નાહવા કેનાલના પાણીમાં પડ્યા હતા. જોકે આ પૈકી બે યુવાનો નહેરના પાણીમાં ડૂબી જતાં બુમાબુમ કરવામાં આવતા સ્થાનિકો પણ દોડી આવ્યા હતા. આ બાબતે ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જેથી ફાયરબ્રિગેડ, પોલીસ, મહેમદાવાદ તાલુકા વિકાસ અધિકારી સહિત મહેમદાવાદ મામલતદાર ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ બંને યુવાનોના મૃતદેહને ભારે જહેમત બાદ કેનાલના પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

તેઓના પીએમ નજીકની હોસ્પિટલમાં લઈ જઈને કરવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ પરિવારજનોને પણ કરવામાં આવી હતી. જેથી તેઓ પણ સ્થળ પર પહોંચી ગયા હતા અને પોતાના યુવાન દીકરાઓને ગુમાવતા ભારે આક્રંદ સાથે શોકનું મોજુ ફરી વળ્યું હતુ. આ ઘટના બાબતે મૃતક રોહીત તિવારીના કાકા ભગવાનરામ તિવરીએ મહેમદાવાદ પોલીસ મથકે અપમૃત્યુનો ગુનો નોંધાવ્યો હતો. જેથી પોલીસે આ બાબતે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

# રાજકોટમાં ડમી શાળાઓમાં ખાનગી રીતે કેન્દ્ર સરકારની તપાસ

રાજકોટ,

રાજ્યમાં ડમી સ્કૂલમાં આવી શાળાઓ સામે કાર્યવાહી કરવા મુખ્યમંત્રીને અગાઉ પત્ર લખાયો. રાજ્ય શાળા સંચાલક મહામંડળના મહામંત્રી પ્રિયવદન કોરાટએ અગાઉ પણ પત્ર લખ્યો હતો. આ બાબતને ગંભીરતાથી લઈને સેન્ટ્રલ ગવર્મેન્ટ દ્વારા તપાસ થતા રેલો ગુજરાત શિક્ષણ વિભાગ સુધી પહોંચ્યો હતો. ત્યારે રાજકોટમાં ડમી શાળાઓને લઈને ગાંધીનગરના શિક્ષણ વિભાગની ટીમે ખાનગી રીતે તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન સ્થાનિક તંત્રને અંધારામાં રાખી શાળામાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. ડમી શાળાઓને લઈ નોંધાવેલી ફરિયાદો બાદ શિક્ષણ વિભાગ કાર્યવાહી કરવા માટે દોડતું થયું. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા આ અંગે શિક્ષણ વિભાગમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. વિગતવાર, જાણવામાં આવ્યું કે આ શાળાઓમાં વિદ્યાર્થી ભણતા નથી, પરંતુ માત્ર નામ રજીસ્ટર કરવામાં આવે છે. ડમી શાળા સંચાલકો અને કલાસિસ સંચાલકો વચ્ચે મીલીભગતથી આ બધું ચાલી રહ્યું છે. આ અંગે સમગ્ર માહિતી શિક્ષણ વિભાગને આપવામાં આવી છે. સ્થાનિક તંત્ર દ્વારા કોઈપણ કાર્યવાહી કરાઈ નથી, તેથી ગાંધીનગરમાંથી ખાસ કરીને ટીમ મોકલવામાં આવી.

રાજ્યમાં ડમી શાળાઓ સામે કાર્યવાહી કરવા માટે મુખ્યમંત્રીને અગાઉ પત્ર લખાયો હતો. રાજ્ય શાળા સંચાલક મહામંડળના મહામંત્રી, ડૉ. પ્રિયવદન કોરાટે ૨૦૨૪માં મુખ્યમંત્રીને પત્ર લખી ડમી શાળાઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવા માટે વિનંતી કરી હતી. ડમી શાળાઓ વિશે ફરિયાદ ઉઠતા, શિક્ષણ વિભાગ સતર્ક થઈ ગયું અને રાજકોટ જિલ્લાના અનેક શાળાઓમાંથી જરૂરી દસ્તાવેજો જપ્ત કર્યા. આ શાળાઓમાં ધોરણ ૧૦ પાસ કર્યા પછી, વિદ્યાર્થીઓ સીધા કોચિંગ ક્લાસમાં પ્રવેશ મેળવતા હતા, જ્યારે ૧૧માં વિજ્ઞાન પ્રવાહમાં માત્ર દસ્તાવેજો પર જ નોંધણી કરવામાં આવતી હતી. વિદ્યાર્થીઓને અનેક જગ્યાએ ફી ભરવી પડતી હતી, અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેક્ટિકલ પરીક્ષા માટેનું કેન્દ્ર પણ નકલી રીતે મંજૂર કરાવવામાં આવતું હતું, જેના કારણે કેટલાક વિદ્યાર્થીઓને પરીક્ષા વગર પાસ કરી દેવામાં આવી રહ્યા હતા.વિગતવાર, ડૉ. પ્રિયવદન કોરાટે પત્રમાં લખ્યું હતું કે, "આ પ્રકારની શાળાઓની તપાસ કરવા માટે અગાઉ ૨૦૨૪માં મુખ્યમંત્રીને પત્ર લખવામાં આવ્યો હતો." પત્રમાં આક્ષેપ કરવામાં આવ્યા કે, "સ્થાનિક તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નહોતી, જેથી પછાતના પગલાં લેવા માટે ગાંધીનગરથી તપાસ ટીમ મોકલવામાં આવી." ડૉ. કોરાટે આ પ્રસંગે આક્ષેપો કર્યા કે, "સરકાર દ્વારા તપાસ મોડી રીતે શરૂ કરવામાં આવી, જ્યારે એ સમય પર મૌદૂદ ખમાવવાની જરૂર હતી." હાલમાં, શિક્ષણ વિભાગમાં વેકેશનનો સમય ચાલી રહ્યો છે, જેના કારણે વધુ કાર્યવાહી વિલંબિત થઈ રહી છે.

# સુરતમાં નાના બાળકો વચ્ચેની બાબતે બોલી ધડબડાટી થઈ

સુરત

કાપોદ્રા વિસ્તારમાં બાળકોને રમવા બાબતે થઈ હોવાની વાતને લઈને મહિલાને ઘરમાં ઘૂસી એક વ્યક્તિએ ઢોર માર્યો હોવાની ઘટના સામે આવી છે. સોસાયટીમાં જ રહેતા વ્યક્તિ દ્વારા મહિલાના ઘરમાં ઘૂસી તેને વાળ ખેંચી અને ઢસડીને માર માર્યો હોવાની ઘટનાને લઈને કાપોદ્રા પોલીસ દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યો છે. બીજી તરફ આ ઘટનાના વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે. સુરતના કાપોદ્રા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ પ્રભુદર્શન સોસાયટીમાં રસીલાબેન મકવાણા પોતાના પરિવાર સાથે રહે છે. રસીલાબેનનો દીકરો ઉદય, અક્ષિત નામના બાળક સાથે રમતો હતો. તે સમયે અક્ષિત અને ઉદયને કોઈ વાતને લઈને ઝઘડો થયો હતો. આ બાબતે અક્ષિતના માતા મયુરીબેન ઉદયના માતા રસીલાબેનને આ બાબતે ઠપકો આપવા માટે ગયા હતા. તે સમયે રસીલાબેન મકવાણા અને મયુરીબેન ખતરાણીને ઝઘડો થયો હતો અને મયુરીબેન રસીલાબેનને ધમકી આપીને ચાલ્યા ગયા હતા કે હવે હું મારા પતિને તમારા ઘરે મોકલુ છું.

ત્યારબાદ મયુરીબેનનો પતિ બળદેવ ખતરાણી રસીલાબેનના ઘરે ગયો હતો અને બાળકોની માથાકૂટ ગંભીર સ્વરૂપે પહોંચી ગઈ હતી. મયુરીબેનના પતિ બળદેવ ખતરાણીએ રસીલાબેનને તેમના જ ઘરમાં ઘૂસીને વાળ પકડી તેમજ જમીન પર ઢસડીને માર માર્યો હતો અને અપશબ્દો પણ કહ્યા હતા. ઘરમાંથી બૂમાબૂમનો અવાજ આવતા આસપાસના સ્થાનિક લોકો ઘરમાં દોડી ગયા હતા અને લોકોએ નજરે જોયું હતું કે બળદેવ ખતરાણી રસીલાબેન મકવાણાને રૂમમાં ઢસેડીને માર મારી રહ્યો છે. તેથી લોકો દ્વારા રસીલાબેનને બચાવી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ લોકોએ આ બળદેવ ખતરાણીને પણ મેથીપાક ચખાડ્યો હતો અને બીજી તરફ રસીલાબેન મકવાણા દ્વારા સમગ્ર મામલે સુરતના કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

### ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે

# હવામાન વિભાગે કેટલાક વિસ્તારોમાં પાંચ દિવસ ગરમીનું એલર્ટ આપ્યું

## સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ આપવામાં આવ્યું છે



અમદાવાદ : ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. હવામાન વિભાગે કેટલાક વિસ્તારોમાં પાંચ દિવસ ગરમીનું એલર્ટ આપવામાં આવ્યું છે. આ પાંચ દિવસ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગ પાસેથી મળતી માહિતી પ્રમાણે, આજના દિવસ માટે રાજકોટમાં હીટવેવનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે, જ્યારે સૌરાષ્ટ્રના મોરબી અને રાજકોટમાં હીટવેવનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે અને પોરબંદર તથા જૂનાગઢમાં યલો એલર્ટ અપાયું છે. આજના દિવસ માટે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને ગાંધીનગર માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. સોમવારે એટલે કે, સાતમી એપ્રિલ માટે જે આગાહી કરવામાં આવી છે, તેમાં સૌરાષ્ટ્ર-કચ્છ તથા ઉત્તર ગુજરાતમાં આકરી ગરમીના એંધાણ છે. કચ્છમાં રેડ એલર્ટ જ્યારે મોરબી, રાજકોટ અને પોરબંદરમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આ સિવાય સૌરાષ્ટ્રના જૂનાગઢ, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણામાં હીટવેવનું યલો એલર્ટ રહેશે. આ પછી ૮ અને ૯ એપ્રિલ દરમિયાન પણ સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓ માટે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. જેમાં કચ્છમાં બે દિવસ માટે ઓરેન્જ એલર્ટ જ્યારે સૌરાષ્ટ્રના મોરબી, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર, પાટણ,બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણામાં હીટવેવનું યલો એલર્ટ રહેશે. આ પછી ૮ અને ૯ એપ્રિલ દરમિયાન પણ સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓ માટે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. જેમાં કચ્છમાં બે દિવસ માટે ઓરેન્જ એલર્ટ જ્યારે સૌરાષ્ટ્રના મોરબી, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર, પાટણ,બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણામાં હીટવેવનું યલો એલર્ટ રહેશે.આ સાથે પાંચ દિવસ માટે સૌરાષ્ટ્ર-કચ્છ તથા દક્ષિણ ગુજરાતના અને ખંભાતના અખાતના દરિયાકાંઠાના ભાગોમાં અકળામણ થાય તેવી ગરમી પડવાની સંભાવનાઓ પણ વ્યક્ત કરવામાં આવી છે. ગુરુવારે ૧૦મી તારીખે કચ્છ, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. જોકે, ૧૧ અને ૧૨મી તારીખે કોઈ ચેતવણીની આગાહી આપવામાં આવી નથી.

### ૩૦ મા જન્મદિવસે દ્વારકાધિશના ચરણોમાં નમાવ્યુ શીશ

# અનંત અંબાણીની ૧૧૫ કિલોમીટરની દ્વારકાની પગપાળા યાત્રાનું સમાપન

દ્વારકા

ભારતીય ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન અને **MD** મુકેશ અંબાણી અને નીતા અંબાણીના ચિરંજીવ અનંત અંબાણીએ આજે તેમના ૩૦મા જન્મદિવસે દ્વારકાની ૧૧૫ કિલોમીટરની પગપાળા યાત્રા સંપન્ન કરી છે. તેમની આ પગપાળા યાત્રા આજે સંપન્ન થતા તેઓએ અત્યંત હર્ષની લાગણી અનુભવી હતી. ૧૦ દિવસની પગપાળા યાત્રાને અંતે આજે તેઓ દ્વારકા પહોંચ્યા હતા અને દ્વારકાધિશના દર્શન કર્યા હતા. તેમને અત્યંત ખુશી છે કે તેમના જન્મદિવસે તેમણે આ પગપાળા યાત્રા સંપન્ન કરી છે અને દ્વારકાધિશના દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયુ છે. આ સાથે તેમણે દરેકને રામનવમીની પણ શુભેચ્છાઓ પાઠવી હતી.

અનંત અંબાણીએ પદયાત્રાના સમાપન બાદ ગોમતિપૂજન કર્યુ હતુ. શારદાપીઠ ખાતે પાદુકાપૂજનનો પણ લાભ લીધો હતો. દ્વારકામાં આજે અંબાણી પરિવાર તરફથી ૧૦ હજાર જેટલા પરિવારના એક લાખ લોકોની પ્રસાદી સેવા કરાઈ હતી. આ ઉપરાંત રામનવમીના પાવન તહેવાર પર દ્વારકાધિશના દર્શને આવેલા ભાવિકોને પણ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. અનંત અંબાણીની સાથે તેમના માતા નીતા



અંબાણી અને પત્ની રાધિકાએ પણ ભગવાન દ્વારકાધિશના દર્શન કર્યા હતા. અનંત અંબાણીએ ૨૮ માર્ચે જામનગર સ્થિત રિલાયન્સ ટાઉનશીપથી પદયાત્રાની શરૂઆત કરી હતી. જે આજે રામનવમીના દિવસે સંપન્ન થઈ હતી. તેમની આ પદયાત્રા સંતો અને કથાકારો પણ જોડાયા હતા.

પદયાત્રાના રૂટ પર વિવિધ જગ્યાએ અનંત અંબાણીનું ગ્રામજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતુ. તેમની સાથે ૪૦૦ જેટલા ઋષિકુમારો અને ૨૫૦ થી વધુ ભૂદેવો અને જોડાયા હતા. જેઓ સમગ્ર રૂટ પર મંત્રોચ્ચાર તથા મંગલગાન કરતા હતા. આ તકે નીતા અંબાણીએ જણાવ્યુ કે આજે અત્યંત ગૌરવની લાગણી અનુભવુ છુ. અનંતે જામનગરથી દ્વારકાની આ પદયાત્રા પૂર્ણ કરતા એક મા નું દિલ અત્યંત આનંદથી ભરાઈ ગયુ છે. વધુમાં તેમણે જણાવ્યુ કે અનંતને સાથ આપનાર તમામ યુવકો આપણી સંસ્કૃતિ અને વારસાને આગળ ધપાવી રહ્યા છે. તેના માટે અત્યંત ગર્વ અનુભવુ છુ. અનંત સહિતના તમામ યુવકો આટલી નાની ઉમરે ઈશ્વરમાં અતૂટ આસ્થા સાથે ૧૦ દિવસ ચાલ્યા છે, જે દ્વારકાધિશના આશીર્વાદ જ છે. વધુમાં તેમણે કહ્યુ કે અનંતની સાથે ચાલનારા એ તમામ યુવકોને મુકેશ અને હું ખુબ ખુબ આશીર્વાદ આપીએ છીએ.

આ તકે અનંત અંબાણીએ તેમની ખુશી વ્યક્ત કરતા જણાવ્યુ કે તેમને ખુશી છે કે તેમના જન્મદિવસે અને ખાસ કરીને રામનવમીના દિવસે આ પદયાત્રાની પૂર્ણાહુતિ થઈ છે અને દ્વારકાધિશના દર્શન કરવાનો અવસર મળ્યો છે. અનંત અંબાણીના પત્ની રાધિકા મર્ચન્ટે જણાવ્યુ કે અનંતની લાંબા સમયથી ઈચ્છા હતી કે લગ્ન પછી તેઓ પગપાળા દ્વારકાધિશના દર્શને આવશે.

# ધ્રાંગધ્રા-અમદાવાદ-કચ્છ બાયપાસ રોડ પર ઓઈલ ઢોળાતા વાહનો પલટી ગયા

સુરેન્દ્રનગર,

ધ્રાંગધ્રા-અમદાવાદ-કચ્છ બાયપાસ રોડ પર ટેન્કરમાંથી ઓઈલ ઢોળાતા અનેક વાહનચાલકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. વાહનો પલટી જવાના બનાવો પણ બન્યા હતા. જેથી પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને એક તરફનો રસ્તો બંધ કરાવી બંદોબસ્ત ગોઠવ્યો હતો.ધ્રાંગધ્રા-અમદાવાદ-કચ્છ બાયપાસ રોડ પર મોડીસાંજે ઓઈલ ભરેલા ટેન્કરનો અચાનક પાછળથી વાલ્વ ખુલી જતા રસ્તા પર ઓઈલ ઢોળાઈ ગયું હતું. જેના કારણે ત્યાંથી પસાર થતા અનેક વાહનચાલકોને મુશ્કેલી પડી હતી અને રસ્તા પર ઓઈલના કારણે વાહનો પલટી મારી જવાના બનાવો પણ બન્યા હતા. જ્યારે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પીટલ લઈ જવામાં આવ્યા હતા તેમજ બીજી બાજુ ટુ વે રસ્તા પર ટ્રાફિકજામ સર્જાતા વાહનોની લાંબી કતારો લાગી જવા પામી હતી. ધ્રાંગધ્રા તાલુકા પોલીસે ઘટના સ્થળે પહોંચી એક તરફનો રસ્તો બંધ કરાવી બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જો કે સદનસીબે કોઈ જાનહાનિનો બનાવ બન્યો નહોતો.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).